RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 37, Dt.24-04-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ન્યાયધીશોએ ન્યાયતંત્રની છબીને કલંકિત કરે તેવા વર્તનથી દૂર રહેવું જોઈએ

## બોમ્બે હાઈકોર્ટની મહત્વની ટીપ્પણીઃ સિવિલ જજ પર કોર્ટના સમય કરતાં મોડુ આવવું-કથિત રીતે દારૂના નશામાં બેંચ પર બેસવાનો આરોપ લાગ્યો હતોઃ ન્યાયધીશો અને ન્યાય અધિકારીઓએ ગરીમા સાથે કામ કરવું તેમની પ્રથમ ફરજ



**મુખ્ય સમાચાર, મુંબઈ**

બોમ્બે હાઈકોર્ટે મંગળવારે નશાની હાલતમાં કોર્ટમાં આવવાના આરોપમાં સિવિલ જજને પુનઃસ્થાપિત કરવાનો ઇનકાર કર્યો હતો, કહ્યું હતું કે ન્યાયાધીશોએ ગૌરવ સાથે કામ કરવું જોઈએ અને ન્યાયતંત્રની છબીને કલંકિત કરે તેવા વર્તન અથવા વર્તનમાં સામેલ ન થવું જોઈએ.

અનિરુદ્ધ પાઠકે (૫૨) હાઈકોર્ટમાં અરજી કરી હતી જેમાં કથિત અયોગ્ય વર્તન અને વારંવાર નશાની હાલતમાં કોર્ટમાં આવવા બદલ સિવિલ જજ જુનિયર ડિવિઝનના પદ પરથી હટાવવાને પડકારવામાં આવ્યો હતો. પાઠકે જાન્યુઆરી ૨૦૨૨માં તેમને ન્યાયિક સેવામાંથી દૂર કરવાના મહારાષ્ટ્ર સરકારના કાયદા અને ન્યાયતંત્ર વિભાગના આદેશને પડકાર્યો હતો. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, નંદુરબાર દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા બાદ આ આદેશ આપવામાં આવ્યો હતો.

જસ્ટિસ એ એસ ચંદુરકર અને જેએસ જૈનની ડિવિઝન બેન્ચે અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે તેમને હોદ્દા પરથી દૂર કરવાના આદેશમાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જણાયું નથી.

ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓએ ગરિમા સાથે કામ કરવું જોઈએ અને ન્યાયતંત્રની છબીને અસર કરે તેવી શક્યતા હોય અથવા જે ન્યાયિક અધિકારી માટે અયોગ્ય હોય તેવી વર્તણૂક અથવા વર્તણૂકમાં પ્રવૃત્ત ન થવું જોઈએ તે સાર્વત્રિક રીતે સ્વીકૃત ધોરણ છે.

એ.એસ.ચંદુરકરે મંગળવારે અવલોકન કર્યું હતું. તેમાં વધુમાં ઉમેર્યું હતું કે જો ન્યાયતંત્રના સભ્યો એવી વર્તણૂક કરે છે જે ન્યાયિક અધિકારી માટે દોષપાત્ર અથવા અયોગ્ય હોય તો અદાલતો કોઈ રાહત આપી શકે નહીં.

પાઠકની માર્ચ ૨૦૧૦માં સિવિલ જજ જુનિયર ડિવિઝન તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને તેમની હકાલપટ્ટી સુધી વિવિધ જિલ્લાઓમાં નિયુક્તિ કરવામાં આવી હતી. પાઠક સામેના આક્ષેપો કોર્ટમાં અધ્યક્ષતા દરમિયાન બેન્ચ પર અયોગ્ય વર્તન, કોર્ટના સમયનું પાલન ન કરવા અને કથિત રીતે દારૂના નશામાં કોર્ટમાં પહોંચવાના આરોપો હતા.

# રાજ્યમાં ૧૮ થી ૧૯ વર્ષની વયના ૧૨.૨૦ લાખ મતદારો પ્રથમવાર મતદાન કરશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ગુજરાતમાં ૭ મેના રોજ મતદાન યોજવા માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની વિગતો આપતા મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે ૧૫ માર્ચ ૨૦૨૪ સુધીમાં અરજી કરનાર તમામ નાગરિકોને EPIC કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

જો EPIC કાર્ડ ન હોય તો e-EPIC ની પ્રિન્ટને પણ ઓળખના પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે. બુથ લેવલ ઓફિસર દ્વારા વોટર ઇન્ફોર્મેશન સ્લીપ લોકોના ઘરે પહોંચાડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ૨૭ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે બીજો સ્ટેટ લેવલ પોસ્ટલ બેલેટ એક્સચેન્જ ફેર યોજાશે. ચૂંટણી પંચ દ્વારા



નિમવામાં આવેલા જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ૨૭ એપ્રિલ સુધીમાં ઊટખનું બીજું રેન્ડમાઇઝેશન, જ્યારે ૫ મે ૨૦૨૪ ના રોજ પોલિંગ સ્ટાફના ત્રીજા રેન્ડમાઇઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે પાત્ર એવા તમામ નાગરિકો પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવી લે તે માટે સઘન મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેના ભાગરૂપે જાન્યુઆરી-૨૦૨૪માં પ્રસિદ્ધ થયેલી મતદાર યાદીની સાપેક્ષે કુલ ૩ લાખ કરતાં વધુ મતદારો નોંધાયા છે. તા.૨૨ એપ્રિલના રોજ રોજ પ્રસિદ્ધ થયેલી હરિફ ઉમેદવારોની યાદી પ્રમાણે લોકસભાની ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટે કુલ ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. સુરત લોકસભા બેઠક પર માત્ર ભાજપના ૧ ઉમેદવાર વધતાં તે ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની ૦૫ બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન તા.૦૭ મે,ના રોજ યોજાનાર છે. જેમાં રાજ્યના ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો મતદાન કરી શકશે. આખરી મતદાર યાદીમાં ૧૮ થી ૧૯ વર્ષની ધરાવતા ૧૨,૨૦,૪૩૮ મતદારો પ્રથમ વખત મતદાન કરી શકશે.

# ગાઝામાં ઈઝરાયેલી સેના દ્વારા કરાયેલાં નરસંહારમાં ૨૦૦ લોકોના મૃતદેહ મળતા હાહાકાર

## ગાઝા હોસ્પિટલમાં ખોદકામ દરમિયાન ૨૦૦ મૃતદેહ મળતાં ઈઝરાયેલી સેનાની કત્લેઆમ બહાર આવી

**મુખ્ય સમાચાર, ગાઝા**

ઇઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયાને ૨૦૦ દિવસથી વધુ સમય થઈ ગયો છે. ગાઝા શહેરમાં ઈઝરાયેલની સેના દ્વારા કરવામાં આવેલા નરસંહારથી અમેરિકા પણ ઉશ્કેરાઈ ગયું છે. તેણે તેની એક બટાલિયન પર પ્રતિબંધોની જાહેરાત કરી છે. દરમિયાન ગાઝામાં એક નવું IDF કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. હમાસના અધિકારીઓનો આરોપ છે કે ખાન યુનિસ હોસ્પિટલમાં ખોદકામ દરમિયાન ૨૦૦ થી વધુ મૃતદેહો મળી આવ્યા હતા. હમાસે ઈઝરાયેલ પર હોસ્પિટલને સામૂહિક કબ્રસ્તાનમાં ફેરવવાનો આરોપ લગાવ્યો છે. મૃતદેહોની બર્બરતા પર સંયુક્ત રાષ્ટ્ર પણ ગુસ્સે છે. તેમનું કહેવું છે કે કેટલાક મૃતદેહોના હાથ બાંધેલા હતા અને કેટલાકના શરીર પર કપડાં પણ નહોતા.





હમાસના અધિકારીઓએ દાવો કર્યો હતો કે ઇઝરાયેલી દળો દ્વારા સેંકડો નિર્દોષ લોકો માર્યા ગયા હતા અને તેમને હોસ્પિટલમાં દફનાવવામાં આવ્યા હતા. હમાસે અહીં સામૂહિક કબર હોવાનો દાવો કર્યો છે. જોકે, ઈઝરાયેલની સેનાએ હમાસના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને આ દાવાને ખોટો ગણાવ્યો હતો. ધ ટાઇમ્સ ઓફ ઇઝરાયેલે અહેવાલ આપ્યો છે કે આ વિસ્તારમાં ઇઝરાયેલી દળો અને હમાસના આતંકવાદીઓ વચ્ચેની લડાઈ વચ્ચે પેલેસ્ટિનિયનોએ પોતે જ અગાઉ આ સ્થળ પર મૃતદેહોને દફનાવ્યા હતા.

ઇઝરાયલ સંરક્ષણ દળોએ હમાસના આરોપને પાયાવિહોણા ગણાવ્યા હતા. ઈઉત્ર્નના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઇઝરાયલી બંધકોને શોધી રહેલા અમારા દળોએ પેલેસ્ટિનિયનો દ્વારા અગાઉ નાસેર હોસ્પિટલ પાસે દફનાવવામાં આવેલા મૃતદેહોની તપાસ કરી હતી અને તપાસ કર્યા બાદ મૃતદેહોને તે જ જગ્યાએ પરત કર્યા હતા જયાં તેમને દફનાવવામાં આવ્યા હતા.કેટલાક મૃતદેહોના હાથ બાંધેલા હતા, તો કેટલાકના શરીર પર કપડાં પણ નહોતા તો બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર કાર્યાલયે દાવો કર્યો છે કે હોસ્પિટલમાં ખોદકામ દરમિયાન મળી આવેલા કેટલાક મૃતદેહોના હાથ બાંધેલા હતા અને કેટલાકના કપડાં છીનવી લેવામાં આવ્યા હતા.

# સિંગાપોર-હોંગકોંગના પ્રતિબંધ બાદ ભારત સરકારે પણ MDH-એવરેસ્ટના અમુક મસાલાઓ પર પગલાં લીધા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સિંગાપોર અને હોંગકોંગમાં ભારતીય મસાલા કંપની એવરેસ્ટ અને એમડીએચના અમુક મસાલાઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ ભારત સરકારે પણ આ મસાલાઓની ગુણવત્તા ચકાસવા આદેશ આપ્યો છે. તેમજ દેશમાં વેચાતી અન્ય કંપનીઓના મસાલાઓની પણ તપાસ કરવા કહ્યુ છે.

મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારતની ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ સિંગાપોર અને હોંગકોંગની ભારતીય કંપનીઓના મસાલા વિરૂદ્ધ કાર્યવાહીને ધ્યાનમાં લેતાં દેશભરમાં એમડીએચ એવરેસ્ટ સહિત તમામ બ્રાન્ડના મસાલાના નમૂના લેવાનું શરૂ કર્યું છે. વર્તમાન સ્થિતિને પગલે તે મસાલાઓ એફએસએસએઆઈના માપદંડોને આધિન નહિં હોય તેના વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરાશે.



ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા નિકાસ થતાં મસાલાઓની ગુણવત્તા પર નિયંત્રણ ધરાવતી નથી. તેણે નિકાસ થતાં મસાલાઓના પણ નમૂનાઓ લેવાનું શરૂ કર્યું છે. જેની તપાસ કરી રિપોર્ટ જારી કરશે.

હોંગકોંગ અને સિંગાપોરે એમડીએચ અને એવરેસ્ટના અમુક મસાલામાં એથિલિન ઓક્સાઈડ મળી આવ્યો છે. જે જંતુનાશક તરીકે વપરાય છે. એથિલિન ઓક્સાઈડથી કેન્સર થવાનું જોખમ હોવાથી સિંગાપોર અને હોંગકોંગે આ મસાલાઓના વેચાણ પર પ્રતિબંધ લાદી બજારમાંથી દૂર કરવા નિર્દેશ કર્યો છે.

એથિલિન ઓક્સાઈડ સ્વાદ અને ગંધહીન કેમિકલ છે, જેનો ઉપયોગ કૃષિ, હેલ્થકેયર અને ખાદ્ય પદાર્થોને કિટાણુઓથી મુક્ત રાખવા થાય છે. જો કે, તેનું વધતુ પ્રમાણ લાંબાગાળે કેન્સર જેવી ગંભીર બિમારીનું કારણ બની શકે છે.

# શુક્રવારે બીજા તબક્કાનું મતદાનઃ આજે સાંજથી પ્રચાર પડઘમ શાંત થશે

## રાહુલ ગાંધી, શશી થરૂર, હેમામાલીની, અરૂણ ગોવીલ સહિત અનેક મહાનુભાવોનું ભાવિ ઈવીએમમાં કેદ થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજે સાંજે બીજા તબક્કાના મતદાન માટે ચૂંટણીનો ઘોંઘાટ શમી જશે. આ પછી, કોઈ જાહેર સભા નહીં હોય અને ઉમેદવારો અને તેમના સ્ટાર પ્રચારકો આગામી ૪૮ કલાક સુધી ઘરે-ઘરે જઈને મત માંગી શકશે. બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે ૧૨ રાજયો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ૮૮ લોકસભા બેઠકો પર મતદાન થશે. કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, શશિ થરૂર, અભિનેત્રી હેમા માલિની, રામાયણ સિરિયલના રામ અરુણ ગોવિલ સહિત ૧,૨૦૬ ઉમેદવારો મેદાનમાં છે.

પ્રથમ તબક્કામાં ઓછા મતદાનને જોતા ચૂંટણી પંચે તેના કર્મચારીઓને લોકોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા જણાવ્યું છે. આ ઉપરાંત ચૂંટણી પંચે પણ આ વખતે નવો પ્રયોગ કર્યો છે, તેણે શહેરી વિસ્તારોમાં બહુમાળી ઈમારતોમાં મતદાનની વ્યવસ્થા કરી છે.




મતદાનનો સમય સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીનો છે, પરંતુ સમય પૂરો થયા પછી પણ જો લોકો કતારમાં ઊભા રહેશે તો તેમનો પણ મતદાન થશે

બીજા તબક્કામાં વાયનાડથી પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, મથુરાથી હેમા માલિની અને મેરઠથી અરૂણ ગોવિલ મેદાનમાં છે. શશિ થરૂર તિરૂવનંતપુરમથી કેન્દ્રીય મંત્રી ચંદ્રશેખર સામે ચૂંટણી લડી રહ્યા છે. ભાજપના જુગલ કિશોર જમ્મુ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના રમણ ભલ્લા સામે ચૂંટણી લડી રહ્યા છે, જયાં ગુલામ નબી આઝાદની પાર્ટી ઉડ્અડ એ જીએમ સરૂરીને મેદાનમાં ઉતારીને હરીફાઈને ત્રિકોણીય બનાવવાનો પ્રયાસ કર્યો છે. અહીં કુલ ૨૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

બીજા તબક્કામાં ઉત્તર પ્રદેશની ૮ બેઠકો પર મતદાન થશે, જયાં ૯૧ ઉમેદવારો છે. ગૌતમ બુદ્ધનગર અને મથુરાની બેઠકો પર સૌથી વધુ ૧૫-૧૫ ઉમેદવારો છે. બુલંદશહરમાં માત્ર છ ઉમેદવારો મેદાનમાં છે. અમરોહામાં ૧૨, મેરઠમાં આઠ, બાગપતમાં સાત, ગાઝિયાબાદ અને અલીગઢમાં ૧૪-૧૪ ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં રાજયની ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, અમરોહા, મેરઠ, બાગપત, બુલંદશહર, અલીગઢ અને મથુરા બેઠકો માટે મતદાન થશે.

લોકસભાની ચૂંટણીમાં મતદારોની ઉદાસીનતા અને હવામાનની સ્થિતિએ રાજકીય પક્ષોની ચિંતા વધારી દીધી છે. યુપીમાં પ્રથમ તબક્કાની ૮ લોકસભા સીટો પર ૨૦૧૯ની સરખામણીમાં મતદાનમાં ૫.૩૬%નો ઘટાડો થયો છે. બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે છે. તે દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર થવાની ધારણા છે. હવામાન વિભાગે હીટ વેવની ચેતવણી આપી છે.

# ભાજપની ફરિયાદ બાદ ECની મોટી કાર્યવાહી, રાજ્યના ૮ અધિકારીને ચૂંટણી કામગીરીમાંથી હટાવ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચે આંધ્રપ્રદેશમાં મોટી કાર્યવાહી કરી છે. ચૂંટણી પંચે આંધ્રપ્રદેશમાં અધિકારીઓની બદલી કરી છે. ચૂંટણી પંચના આદેશ અનુસાર આંધ્રપ્રદેશમાં ત્રણ ડીઈઓ અને પાંચ એસપીની બદલી કરાઈ છે. BJP દ્વારા આ અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદ કરાયા બાદ ચૂંટણી પંચે આ કાર્યવાહી કરી છે. આ તમામ અધિકારીઓને ચૂંટણી ફરજ પરથી દૂર કરાયા છે અને રાજ્ય સરકાર પાસેથી નવા અધિકારીઓના નામ મંગાયા છે.




આંધ્રપ્રદેશમાં જે અધિકારીઓને હટાવાયા છે, તેમાં ગુંટુર રેન્જના IG જી.પાલા રાજુનું નામ પણ સામેલ છે. તેમના પર ગુંટુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભા દરમિયાન મોટા પાયે અરાજકતા ફેલાવવાનો આરોપ લગાવાયો હતો, ત્યારબાદ ભાજપ દ્વારા તેમની સામે ફરિયાદ દાખલ કરાઈ હતી.

TDP અને તેના સહયોગી ભાજપ જનસેનાએ વડાપ્રધાનની રેલીમાં અરાજકતા ફેલાવવા બદલ DGP, એડિશનલ ડીજીપી (ઇન્ટેલિજન્સ) PSI અંજનેયુલુ, ઇન્સ્પેક્ટર જનરલ (ગુંટુર રેન્જ) જી.પાલા રાજુ અને પલાનાડુના પોલીસ અધિક્ષક રવિશંકર રેડ્ડી વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી. આ રેલીમાં વડાપ્રધાન મોદીએ પાંચ વખત માઈક ખરાબ થવાનો અને બેકાબૂ ભીડનો સામનો કરવો પડ્યો હતો.

# શંકાસ્પદ વ્યવહારોની વિગતો આપવા ફિનટેક કંપનીઓને આદેશ

## નાણાંકીય વ્યવહાર માટે હવે નોન-બેન્ક પેમેન્ટ ઓપરેટરોનો મોટેપાયે ઉપયોગ થાય છેઃ લોકસભાની ચૂંટણી દરમિયાન ખાસ તકેદારી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

એપ્રિલથી દેશમાં શરૂ થયેલી લોકસભાની ચૂંટણીના સમયગાળામાં ઊંચા મૂલ્યના અથવા શંકાસ્પદ વ્યવહારની જાણકારી પૂરી પાડવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ દરેક નોન-બેન્ક પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરો (પીએસઓ)ને સૂચના આપી છે.

મતદાતાઓને પ્રભાવિત કરવા અથવા ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારોને ભંડોળ પૂરું પાડવા પેમેન્ટસના વિવિધ ઈલેક્ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ કરવાની શક્યતા રહેલી છે, એમ રિઝર્વ બેન્ક દ્વારા નોન-બેન્ક પીએસઓને મોકલાયેલા પત્રમાં જણાવાયું છે.

ચૂંટણી પંચે આ સંદર્ભમાં રિઝર્વ બેન્ક સમક્ષ ચિંતા વ્યક્ત કરી હતી જેના સંદર્ભમાં તેણે રિઝર્વ બેન્કને યોગ્ય પગલાં લેવા સૂચન



કર્યું હતું, એમ રિઝર્વ બેન્કના સૂત્રોએ જણાવ્યું હતું.

લંડનના સ્ટોક પાર્ક એસ્ટેટમાં યોજાશે ‘અનંત-રાધિકાનાં લગ્ન’, નીતા અંબાણીએ શરૂ કરી તૈયારી

ફિનટેક કંપનીઓને આવા પ્રકારના કોઈપણ નાણાંકીય વ્યવહારની યોગ્ય એજન્સી અથવા ઓથોરિટીને માહિતી પૂરી પાડવા રિઝર્વ બેન્કે સૂચના આપી છે.

પીએસઓ એ ઈન્ટરમીડિયરિસ છે જેમાં પેમેન્ટ ગેટવેસ, કાર્ડ નેટવર્ક્સ, પેમેન્ટ એપ્સ જે ઓનલાઈન વ્યવહારમાં નાણાં સ્વીકારનાર અને ચૂકવનારને પેમેન્ટસ પતાવટની વ્યવસ્થા પૂરી પાડે છે.

ચૂંટણીના સમયગાળા દરમિયાન કોઈપણ શંકાસ્પદ નાણાંકીય વ્યવહારની જાણકારી પૂરી પાડવા ચૂંટણી પંચે બેન્કોને પણ સૂચના આપી હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. બેન્કોએ રોજેરોજ ચૂંટણી પંચને માહિતી આપવાની રહેશે. વોલેટ ટ્રાન્ઝક્શન્સમાં પેમેન્ટસ માટેની વધુ માગ રહે છે કે કેમ તેના પર પણ નજર રાખવાની સૂચના આપવામાં આવી છે. ૧૯ એપ્રિલથી શરૂ થયેલી લોકસભાની ચૂંટણી ૧ જૂનના સમાપ્ત થઈ રહી છે. લોકસભા તથા વિધાનસભાની ચૂંટણી દરમિયાન દેશમાં કાળા નાણાંના વ્યવહારમાં જોરદાર વધારો થતો હોવાનું જોવા મળે છે.

ટેક્નોલોજીના વપરાશમાં વધારો થવા સાથે હવે રોકડ નાણાંની હેરફેર કરવાને બદલે ઓનલાઈન વ્યવહાર કરવાની માત્રામાં વધારો થયો છે. રોકડની હેરફેર કરવામાં જોખમ રહેતા હોય છે.

# છેતરપીંડીના ગુન્હામાં ફરાર આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સિટી સી પોલીસ મથકની સર્વેલન્સ સ્કવોડે છેતરપિંડીના ગુન્હામાં ફરારી આરોપીને ઝડપી પાડયો હતો.બનાવની વિગત મુજબ સર્વેલન્સ સ્કવોડના માણસો પેટ્રોલીંગમાં હતાં તે દરમિયાન સ્ટાફના પોલીસ હેડ કોન્સ્ટેબલ ખીમશીભાઇ ડાંગર, હર્ષભાઇ પરમાર તથા વનરાજભાઇ ખવડને બાતમી મળી હતી કે છેતરપિંડીના ગુન્હામાં છેલ્લા પાંચ માસથી



નાસતો ફરતો અને ડ્રાઇવીંગ ધંધો કરતો કુલજીતસિંહ વિજયસિંહ ચુડાસમા (ઉ.વ.૨૯, રહે.હાલ તિરૂપતિ પાર્ક-૧, જામનગર) નામનો આરોપી શહેરના મહાકાળી સર્કલ પાસે આવેલી માલધારી હોટેલ પાસે હજાર હોય, પોલીસે બાતમીના આધારે માલધારી હોટેલ પાસે રેઇડ પાસે કુલજીતસિંહને પકડી પાડ્યો હતો. પોલીસે તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી છે.આ કાર્યવાહી પીઆઇ જે.વી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઇ વી.બી.બરબસિયા તથા હેડ કોન્સ્ટેબલ યશપાલસિંહ જાડેજા, ફૈઝલભાઇ ચાવડા, ખીમશીભાઇ ડાંગર, મહેન્દ્રસિંહ ચુડાસમા, કોન્સ્ટેબલ શિવભદ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, વનરાજભાઇ ખવડ, મહાવિરસિંહ જાડેજા, હર્ષદભાઇ પરમાર, હોમદેવસિંહ જાડેજા, પ્રવિણભાઇ પરમાર વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# મોરબીમાં મહિલા સહીત ચાર બુટલેગરોને પાસા તળે અટકાયત કરી જેલમાં ધકેલાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

લોકસભાની ચુંટણી અનુસંધાને પ્રોહીબીશનના ગુનાઓમાં સંડોવાયેલ મહિલા સહિત કુલ-૪ ઇસમોને મોરબી જીલ્લા પોલીસ દ્વારા પાસા હેઠળ ડીટેઇન કરી અલગ-અલગ જીલ્લાની જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર આગામી સમયમાં લોકસભાની સામાન્ય ચુંટણી યોજાનાર હોય જે ચુંટણી શાંતિપુર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં યોજાય અને આદર્શ આચારસહિતાનો અમલ થાય. તે હેતુથી મોરબી જીલ્લાના તમામ પોલીસ મથકમાં પ્રોહીબીશનના ગુન્હાઓમાં સંડોવાયેલ ઇસમો



સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એ મહિલા સહીત કુલ ચાર બુટલેગરોના પાસા વોરંટ ઇશ્યુ કરેલ હતા.

ત્યારે પાસા વોરંટની બજવણી માટે મોરબી જીલ્લા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી લાલજીભાઇ ઉર્ફે કૌશીકભાઇ જગદીશભાઇ નિમાવત ઉવ-૩૩ રહે જુના નાગડાવાસ તા.જી.મોરબીને ભાવનગર જેલમાં, અશ્વિનભાઇ રાઘવજીભાઇ રાઠોડ ઉવ-૨૨ રહે.જુના નાગડાવાસ તા.જી.મોરબીને જૂનાગઢ જેલમાં, સાગર ઉર્ફે હઠો રામૈયાભાઇ સવસેટા ઉવ.૨૮ રહે.વવાણીયા તા. માળીયા(મી)ને જામનગર જેલમાં તથા મહિલા બુટલેગર રેખાબેન લલીતભાઇ વધોરા ઉવ.૩૫ રહે. મોરબી વાવડી રોડ, ન્યારા પેટ્રોલપંપ પાછળ સ્વામીનારાયણ પાર્ક તા.જી.મોરબીવાળાને વડોદરા જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# મોરબીમાં યુવાનની હત્યા કરનાર આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારાઇ

## છરીનો જીવલેણ ઘા ઝીકી યુવકની હત્યા નિપજાવનારને આજીવન કેદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૨૧માં સામાન્ય બાબતે છરીનો એક ઘા ઝીકી દઈ યુવકની હત્યા નિપજાવવાનો કેસ અત્રેની મોરબી બીજા એડિશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી જતા કોર્ટે પુરાવાઓના આધારે હત્યાના ગુનામાં આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કેદ તથા રૂ.૨ લાખના દંડની સજાનો આદેશ કર્યો હતો.

હત્યા કેસની ટુંકમાં હકીકત એવી હતી કે હત્યા કેસમાં ફરીયાદીના ભત્રીજા નવઘણભાઈ તથા તેનો મિત્ર અમનભાઈ જહાંગીરભાઈ બન્ને યુવક તા. ૨૩ નવેમ્બર ૨૦૨૧ ના રાત્રીના બારેક વાગ્યાના અરસામાં પોતાના પાસે રહેલ



મોટર સાયકલ બંધ પડતા ઉભા રહેતા તે સ્થળ ઉપર અન્ય એક યુવક મુસ્તુફા ઉર્ફે મુસ્તાક બેઠો હતો, ત્યારે આરોપી મોહસીન ઉર્ફે ગજની ખોખર તે સ્થળે આવેલ અને નવઘણભાઈને કહેવા લાગેલ કે 'અહી કેમ ઉભો છે'..તેમ કહી આરોપી મોહસીન ઉર્ફે ગજનીએ નવઘણભાઈને ગાળો દેવા લાગ્યો હતો જેથી નવઘણભાઈએ આરોપીને ગાળો બોલાવાની ના પાડતા આરોપી મોહસીન ઉર્ફે ગજની એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલ છરી વતી મરણજનાર નવઘણભાઈની છાતીમાં એક જીવલેણ ઘા મારી નવઘણભાઈની હત્યા નિપજાવી હતી. ત્યારે હત્યા નિપજાવી આરોપી મોહસીન ઉર્ફે ગજની ઘટના સ્થળેથી નાસી ગયો હતો. ત્યારે હત્યાના ગુનાની મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની આઇપીસી કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી તેની અટક કરી જેલ હવાલે કર્યો હતો.

જે ઉપરોક્ત હત્યાના ગુનાનો કેસ મોરબી બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધસાહેબની કોર્ટમાં ચાલી જતા મૌખિક ૭ તથા દસ્તાવેજી ૩૬ પુરાવા તેમજ સરકારી વકીલ સંજય સી.દવેની ધારદાર દલીલોને ધ્યાને લઇ આરોપી મોહસીન ઉર્ફે ગજની કરીમભાઈ ખોખર ઉવ.૨૬ રહે. હાલ-લજાઈ રામજી મંદિર સામેની શેરી,તા.ટંકારા, જી. મોરબીવાળાને ભારતીય દંડ સહીતાની કલમ ૩૦૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં આજીવન કેદની સખ્ત સજા તથા રૂા. ૨,૦૦,૦૦૦/- દંડની રકમ મરણ જનારના વારસને વળતર પેટે ચુકવી આપવા હુકમ કરવામાં આવ્યો હતો.

# જસદણના આનંદ નગરમાં આવેલ તાત્કાલિક હનુમાનજીના દર્શન તથા મણીંદા પ્રસાદનો લાભ લેતા મંત્રી બાવળીયા

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ શહેર વોર્ડ નંબર ૫ આનંદ નગરમાં બિરાજતા તાત્કાલિક હનુમાનજી મહારાજ ના મંદિરે હનુમાન જયંતી નિમિત્તે કેબિનેટ મિનિસ્ટર શ્રી કુંવરજીભાઈ બાવળીયા એ હાજરી આપી અને હનુમાનજી મહારાજના દર્શનનો લાભ લહાવો લીધો હતો તેમજ અહીં દાદાના મણીંદા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હોય પ્રસાદનો પણ લાભ લીધો હતો આતકે પૂર્વ નગરપતિ ધીરુભાઈ ભાયાણી યુવા ભાજપ આગેવાન યશવંત ઢોલરિયા ખેડૂત



આગેવાન વલ્લભભાઈ ખાખરિયા પૂર્વ મહામંત્રી નિમેશભાઇ શુક્લ ખેડૂત આગેવાન જાદવભાઈ માળવીયા પાટીદાર અગેવાન હિતેશભાઈ માલસણા સહિત ના આગેવાન દાદા ના મણીંદા પ્રસાદ તેમજ દર્શનનો લાભ લઈ ખૂબ જ ધન્યતા અનુભવી હતી કેબિનેટ મિનિસ્ટર કુંવરજીભાઈ બાવળીયા દ્વારા પીવાના પાણી માટે આલાંસગર ડેમ માં નર્મદા ના નીર છોડવામાં આવતા લોકો માં હર્ષ ની લાગણી અનુભવી હતી અને વિસ્તાર વાસીઓએ મંત્રી બાવળિયાનો આભાર પ્રગટ કર્યો હતો

# પ્રથમ વખત ચૂંટણીમાં મતદાન કરી રહેલ જામનગરની વિદ્યાર્થિનીઓએ યુવાઓને મતદાન કરવા કરી અપીલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લામાં મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને વધુમાં વધુ લોકો મતદાન કરી ચૂંટણીના મહાપર્વમાં સહભાગી થાય તે પ્રકારે મતદાન જાગૃતિ લાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બી. કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા કામગીરી કરાઇ રહી છે.

ત્યારે જામનગરની ડિ.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજની વિદ્યાર્થિની ફિઝા



માડકીયાને ૧૮ વર્ષ પૂર્ણ થતાં પ્રથમ વખત મતદાન કરી રહી છે. તેણી જણાવે છે કે હું પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરી રહી હોવાથી ઉત્સુક છું. મારા દેશ માટે હું મત આપવા જઇ રહી છું. તેમજ યુવાઓ અને મહિલાઓને પણ પોતાનો મત અવશ્ય આપવા માટે વિનંતી કરું છું. મારો મત મારો અધિકાર.અન્ય વિદ્યાર્થીની નિરાલી જોશી જણાવે છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં હું પ્રથમ વખત મારો મત આપવા જઇ રહી છું. ભારત દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. મારા પરિવાર સાથે હું મત આપીશ અને અન્ય લોકોને પણ અપીલ કરું છું કે તમે પણ તમારા મતનો યોગ્ય રીતે ઉપયોગ કરો.

# જામનગરના ૨૧ ચિત્રકારોએ ઐતિહાસિક સ્થળોના ૪૦ ચિત્રો બનાવી દેશના અમુલ્ય વારસાની જાળવણીનો સંદેશો આપ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સાંસ્કૃતિક વારસાની જાળવણી અને મહત્વ વિશે જાગૃતિ લાવવા અને વિશ્વના વારસાની વિવિધતાની ઉજવણી કરવા માટે વર્લ્ડ હેરીટેજ ડે મનાવવામાં આવે છે.વર્લ્ડ હેરિટેજ દિવસની ઉજવણીનો વિચાર ૧૯૮૨માં ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઇટ્સ (ICOMOS) દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો અને બાદમાં ૧૯૮૩માં યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી.વર્લ્ડ હેરીટેજ ડે ઉજવણી અંતર્ગત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત પુરાતત્વ અને સંગ્રહાલય ખાતાના પુરાતત્ત્વીય સંગ્રહાલય, જામનગર ખાતે વર્લ્ડ હેરીટેજ ડે એક્ઝિબિશન.નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેનુ



ઉદઘાટન નિવૃત ચિત્ર શિક્ષક અને જામનગરના સિનિયર આર્ટીસ્ટ જગદીષભાઇ જોષીના વરદહસ્તે કરવામાં આવ્યુ હતુ.આ એક્સિબિશનમાં વોટર કલર, એક્રેલિક, પેન્સીલ, કેનવાસ વર્ક સાથે હેરિટેજ થીમ ઉપર જામનગરનાં જાણીતાં અનુભૂતિ ગ્રુપનાં કુલ ૨૧ ચિત્રકારો દ્વારા અંદાજિત ૪૦ જેટલા ચિત્રોનું પ્રદર્શન કરવામાં આવેલ.જેમાં દેશ-વિદેશનાં હેરીટેઝ સ્થળો જેવા કે, ઇજિપ્તનાં પિરામીડ, તાજમહાલ, રાણીની વાવ, નવલખા મંદિર તેમજ જામનગરનાં સ્થાનિક ઐતિહાસિક સ્થળો જેવા કે, ભૂજીયો કોઠો ભીડભંજન મહાદેવ, સુખનાથ મહાદેવ, સૈફી ટાવર, પંચેશ્વર ટાવર, સોલેરીયમ, સજુબા કન્યા શાળા, રણજીતસાગર ડેમ, કાશી વિશ્વનાથ મહાદેવ, ખંભાળીયા ગેટ, ત્રણ દરવાજા, ધન્વંતરિ મંદિર ઉપરાંત જામનગરના અમૂલ્ય ધરોહર સમાન પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકનાં રાજ્ય રક્ષિત સ્મારક લાખોટા કોઠાના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ અંગે પુરાતત્ત્વીય સંગ્રહાલય જામનગરના ક્યુરેટર ડો.ધીરજ ચૌધરીએ જણાવેલ વિશ્વ ધરોહર દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વિશ્વભરની ઐતિહાસિક ઇમારતો, સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળોને બચાવવાનો છે.જેથી કરીને આવનારી પેઢીઓ માટે આ વારસાને સાચવી શકીએ.આ દિવસનો ઉદ્દેશ્ય વિશ્વની વિરાસત અને વિવિધતાને લોકો સુધી પહોંચાડવાનો છે.આ પ્રદર્શનમાં ૧૭ વર્ષ થી ૭૦ વર્ષ સુધીનાં કલાકારોએ ભાગ લીધેલ. તેમજ બહોળી સંખ્યામાં જામનગરની કલારસિક જનતાએ ચિત્ર-પ્રદર્શનીનો લાભ લીધેલ હતો.

# જામનગરમાં આર્થિક સંકળામણથી યુવકનો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં યોગેશ્વર નગર વિસ્તારમાં આપઘાતનો બનાવ સામે આવ્યો છે. જેમાં યુવાને આર્થિક સંકળામણના કારણે ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે. કડિયા કામ કરતા એક યુવાને આર્થિક સંકળામણના કારણે જિંદગીથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કર્યાનું સામે આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.જામનગરમાં યોગેશ્વર નગર શેરી નંબર -૨ માં રહેતા અને કડિયા કામ કરતા હરેશ પ્રવીણભાઈ ભટ્ટી નામના યુવાને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે. આ બનાવ અંગે મૃતકની પત્ની પ્રીતિબેન હરેશભાઈ પટ્ટીએ પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝનના પી.એસ.આઇ. એમ. કે. બ્લોચ બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક ની પત્નીએ જણાવ્યું હતું, કે તેના પતિનો હાલમાં કડિયા કામનો ધંધો બરાબર ચાલતો ન હોવાથી આર્થિક સંકળામણ ભોગવતા હતા, અને સતત ટેન્શનમાં રહેતા હતા. જે ટેન્શનના કારણે આપઘાતનું પગલું ભરી લીધા નું જણાવ્યું હતું.

# જસદણના માલસણા પાટીદાર પરિવારના ચિ.મેહુલના લગ્નના ઢોલ ઢબુકિયા

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણના પાટીદાર આગેવાન હિતેશભાઈ બાવાભાઈ માલસણાના ભત્રીજાના શુભ લગ્નોત્સવ ના રૂડા અવસર પર રાજકીય સામાજિક આગેવાનો હાજરી આપશે. જસદણ નિવાસી અ સૌ રમાબેન તથા મનસુખભાઈ બાવાભાઈ માલસણાના સુપુત્ર ચી મેહુલ ના શુભ લગ્ન વડૂડી નિવાસી અ સૌ




ભાવનાબેન તથા કાંતિભાઈ શામજીભાઈ ગોલ ની સુપુત્રી ચી કોમલ સાથે નિર્ધાર્યા છે શહેરના લાતી પ્લોટ માં આવેલ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે તારીખ ૨૭ ના રોજ રૂડા મંડપ રોપા છે તેમજ તારીખ ૨૮ ના રોજ તોરણ નિરધારેલ છે અમરેલી જિલ્લાના ઇશ્વર્યા ગામે જાન પ્રસ્થાન કરશે જેમાં અનેક રાજકીય સામાજિક આગેવાનો હાજર રહી નવ દંપતી ને આશીર્વાદ આપ છે.

# મોરબીમાં વ્યાજખોરના ત્રાસથી લાપતા થયેલ યુવક હેમખેમ ઘરે પરત

## વ્યાજે લીધેલ પૈસા માટે અવાર નવાર મળતી ધમકીઓથી કંટાળી યુવકે ઘર છોડ્યું હતુંઃ પિતાએ ગોવાથી પુત્રની ઘર-વાપસી કરાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રવાપર રોડ વિદ્યુતનગરમાં આવેલ મીલેનીયમ હાઇટ્સમાં રહેતા યુવકે વ્યાજે રૂપિયા લીધેલ હોય, ત્યારે લીધેલ રૂપિયા પરત આપી દીધા હોવા છતાં વધુ રૂપિયાની લાલચે વ્યાજખોરો આપેલ રૂપિયાની ઉઘરાણી કરી અવાર નવાર ધમકી આપતા યુવક પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો જતા યુવકના પિતા દ્વારા પુત્ર લાપતા થયાની સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી હતી. જે યુવકને ગત તા.૨૨/૦૪ના રોજ તેમના પિતા ગોવાથી હેમખેમ ઘરે પરત લાવતા એ ડિવિઝન પોલીસ મથકમાં પુત્ર મળી આવેલની જાણ કરેલ હતી.

મળતી માહિતી અનુસાર મોરબીના રવાપર રોડ સ્થિત વિદ્યુતનગરમાં આવેલ મિલેનિયમ હાઈટ્સ બ્લોક નં ૩૦૧માં રહેતા શૈલેષભાઇ ડાયાભાઇ દેથરીયા ઉવ.૫૦ એ ગત.૧૭/૦૪ના રોજ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પોતાનો પુત્ર ઉત્તમભાઇ શૈલેષભાઇ દેથરીયા ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેને પગલે પોલીસે ગુમસુધા નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે બીજીબાજુ શૈલેષભાઈએ લાપતા બનેલ પુત્રની ઘરમેળે તપાસ કરતા હોય તે દરમિયાન પોતાનો પુત્ર ઉત્તમભાઈ ગોવા હોવાની ભાળ મળતા શૈલેષભાઇ તેમના પુત્રને ગોવાથી હેમખેમ મોરબી પરત લાવ્યા હતા. અને સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પુત્ર ઘરે પરત આવી ગયેલાની જાણ કરતા પોલીસે લાપતા વ્યક્તિ મળી આવ્યાની નોંધ કરી જાહેર કર્યું હતું.

ત્યારે ઉત્તમભાઈએ વ્યાજે લીધેલ રૂપિયા ચૂકવી આપ્યા હોવા છતાં વ્યાજખોરો દ્વારા માનસિક ત્રાસ આપી અવાર નવાર વધુ રૂપિયાની માંગણી કરી ધમકીઓ આપતા જેથી વ્યાજખોરના ત્રાસથી કંટાળી ઘર છોડ્યું હોવાની વિગત આપી ચામડાતોડ વ્યાજ વસુલ કરતા અને વધુ રૂપિયાની માંગણી કરી ધમકીઓ આપતા વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી છે.

# મોરબીના મોડપર ગામે હનુમાન મંદિરે ભટ્ટ પરિવાર દ્વારા યજ્ઞ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નજીકના મોડપર મુકામે દર વર્ષે ઇષ્ટદેવ હનુમાન દાદાના મંદિરે હનુમાન જયંતિના દિવસે યજ્ઞનું આયોજન કરવામાં આવે છે તેવી જ રીતે ચાલુ વર્ષ પણ હનુમાન જયંતીના દિવસે યજ્ઞનું આયોજન કરાયું હતું આ વર્ષે યજ્ઞમાં યજમાન પદે યજમાન રમેશચંદ્ર (ભીખાભાઇ) શાંતિલાલ ભટ્ટ, તેજશભાઇ ભટ્ટ અને મોન્ટુભાઈ ભટ્ટ અને તેના પરિવાર દ્વારા યજ્ઞનું આયોજન કરાયું હતું અને યજ્ઞમાં આહુતિ આપી હતી ત્યારે મોરબીની આસપાસના વિસ્તારમાં રહેતા તમામ ભટ્ટ પરીવારના લોકો હાજર રહ્યા હતા અને યજ્ઞ સહિતની ધાર્મિક વિધિ તેજસભાઈ ભટ્ટ સહિતના ભૂદેવો દ્વારા કરાવવામાં આવી હતી તેમજ પ્રવીણભાઈ લાભશંકર ભટ્ટ તરફથી તેમનાં માતા-પિતા સ્વ. વિજ્યાબેન લાભશંકર ભટ્ટ તથા સ્વ. લાભશંકર મહાદેવભાઇ ભટ્ટ ના સ્મર્ણાર્થે મોડપર મંદીર મુકામે પહેલા માળે હોલ બનાવીને મચ્છુકાંઠા મોડપરીયા ભટ્ટ પરિવારને અર્પણ કરવામાં આવેલ છે આ ધાર્મિક કાર્યમાં બળવંતભાઈ એલ. ભટ્ટ, જે.પી.



ભટ્ટ, પ્રવીણભાઈ ભટ્ટ, દર્શનભાઈ ભટ્ટ, કપિલભાઈ ભટ્ટ (અમદાવાદ), હિતેષભાઈ બી. ભટ્ટ (મુંબઈ), અનંતરાય ભટ્ટ, રાજુભાઈ ભટ્ટ, હરેશભાઈ ભટ્ટ (પીઆઇ એસઓજી સુરેન્દ્રનગર) દિનેશભાઇ ભટ્ટ, મહેશભાઇ આર. ભટ્ટ, મનીષભાઈ પી. ભટ્ટ, (પાલિતાણા), પત્રકાર જિજ્ઞેશભાઈ ભટ્ટ (સાંજ સમાચાર, મોરબી ટુડે) અને પત્રકાર હિમાંશુભાઈ ભટ્ટ (ઝી ૨૪ કલાક-મોરબી) સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# ટંકારાના નેકનામ નજીક કારચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માતઃ બે યુવકના મૃત્યુ, બે ઘાયલ

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારાના નેકનામ પડધરી રોડ ઉપર પુરપાટ ગતિએ ચલાવી જતા સ્વીફ્ટ કારના ચાલકે રોડ ઉપર આવતી ગોળાઇમાં સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા કાર પલ્ટી મારી ગયી હતી. આ ગોઝારા અકસ્માતના બનાવમાં કાર સવાર ચાર યુવકો પૈકી બે સગાભાઇના ઘટના સ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જયારે અન્ય બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારે અકસ્માતના આ બનાવમાં કારમાં પાછળની સીટમાં બેથેલ ઈજાગ્રસ્ત યુવક દ્વારા ટંકારા પોલીસ મથકમાં મૃતક સ્વીફ્ટ કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના વીસીપરા દશામા ચોક પાસે રહેતા સંજયભાઇ અવચરભાઇ ઝીંઝુવાડીયા ઉવ.૨૧ એ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગત તા.૧૮/૦૪ના રોજ બપોરના સમયે સ્વીફ્ટ કારમાં સવાર ચાર યુવકો ટંકારાના નેકનામ ગામેથી પડધરી તરફ જઈ રહ્યા હતા ત્યારે દહીસરડા ગામ નજીક રોડ ઉપર આવતી ગોળાઇમાં મૂળ ભાવનગરના વતની હાલ મોરબી વિશીપરા દશામાના ચોક પાસે રહેતા મૃતક આરોપી સોહેબભાઇ હૈદરભાઇ મિયાણા ઉવ.૩૪ એ સ્વીફ્ટ ગાડી જેના રજી.નંબર જીજે-૦૩-એનએફ-૬૬૪૨ એ સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઇ ગયી હતી. જેમા કારમાં સવાર ફરિયાદી સંજયભાઈને ફરીયાદીને પગના ભાગે સામાન્ય ઇજા તથા બીજા મિત્ર સાહીલને થાપા ભાગે અને ખંભાના ભાગે ફ્રેકચર જેવી ઇજાઓ થઇ હતી. જયારે કાર ચાલક સોહેબભાઇ હૈદરભાઇ મિયાણા તથા તેની બાજુની સાતમાં બેસેલ અલ્તાફ હૈદરભાઈ મિયાણાને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચતા બંને સગાભાઇના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. હાલ પોલીસે સંજયભાઈની ફરિયાદના આધારે મૃત આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં બે અપમૃત્યુના બનાવમાં આધેડ સહીત બે વ્યકિતના મોત નિપજયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના નીચી માંડલ નજીક સીરામીક ફેક્ટરીના ક્વાર્ટરમાં તેમજ ટંકારા નજીક આવેલ સ્પિન મીલના લેબર ક્વાર્ટરમાં એક આધેડ સહીત બે લોકોએ ગળેફાંસો ખાઈ પોતાના જીવનનો અંત આણ્યો હતો. હાલ અપમૃત્યુના બંને અલગ અલગ બનાવમાં મોરબી તાલુકા તથા ટંકારા પોલીસે અકાળે મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

જેમાં પ્રથમ અપમૃત્યુના બનાવની મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના નીચી માંડલ ગામ નજીક સીમપેરા સીરામીકમાં કામ કરતા અને સિરામિકની લેબર કોલોનીના ક્વાર્ટરમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના સાહપુર ગામના વતની ઉમેશ રામપાલસિહ ઉર્ફે આપજી યાદવ ઉવ.૪૨ વાળાના ભાઇ વતનમા હોય જેની સાથે ગઇ તા-૨૨/૦૪ના રોજ ફોન કરીને વાતચીત કરતા હતા ત્યારે સામાન્ય બોલાચાલી થયેલ હોય જે બાબતે મનમા લાગી આવતા ગઈકાલ તા-૨૩/૦૪ના બપોરના સુમારે ઉમેશભાઈએ પોતાની જાતે ગળેફાસો ખાઇ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરતા ઘટના સ્થળે જરૂરી પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ કરી ડેડબોડીને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરી લાશને અંતિમવિધી માટે મૃતકના કૌટુબિક ભાઇને સોપવામા આવી હતી.

જયારે બીજા અપમૃત્યુના બનાવની મળતી માહિતી અનુસાર ટંકારાના લખધીરગઢ રોડ ઉપર રાધા-લક્ષ્મી સ્પીન ટેક્ષ પ્રા.લીમીટેડમાં મજૂરી કામ કરતા મૂળ ઝારખંડના સોનારાથડી ગામનો રહેવાસી હાલ સ્પીન મીલની લેબર કોલોનીની ઓરડીમાં રહેતા સંતાષ સિતારામ ગોસ્વામિ ઉવ.૩૦ એ ગઈકાલ તા.૨૩/૦૪ના રોજ સવારના સમયે પોતાની ઓરડીએ એકલા હતા ત્યારે કુંટુંબીક ટેન્સના કારણે આવેશમાં આવી જઇ પોતાની જાતે છતમાં લાગેલ પંખામાં માથે બાધવાના ગમછો બાંધી ગળેફાંસો ખાઇ લેતા પ્રથમ ૧૦૮ એમ્બ્યુલન્સને ટેલિફોનિક જાણ કરી હતી ત્યારે એમ્બ્યુલન્સના ઇ.એમ.ટી રૂબિનાબેન કુરેશીએ સંતોષ ગોસ્વામિને જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કરતા ટંકારા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ૧૦૦૮ કાર-બાઈકના કાફલા સાથે રાજકોટમાં નીકળી અંજનીનંદનની ભવ્ય શોભાયાત્રા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

હનુમાન જયંતી નિમિતે રાજકોટ દાદાની ભક્તિમાં ઓળઘોળ બન્યુ હતું. શહેરભરમાં આવેલ દાદાના મંદિરોને અનેરા શણગાર સાથે સવારથી જ પાઠ–પૂજા–આરતી અને પ્રસાદના કાર્યક્રમો ચાલી રહ્યા છે. ભુપેન્દ્રરોડ ખાતેના શ્રી બાલાજી મંદિરે આજે ૫૧ કુંડી મહામારૂતિ યજ્ઞ યોજી ધ્વજા આરોહણ કરાયુ હતુ. સાંજે મહાઆરતી આતશબાજીના કાર્યક્રમો આયોજીત કરાયા છે. દરમિયાન શ્રી ફાઉન્ડેશન અને શેર વીથ સ્માઈલ એનજીઓ સહીતની સંસ્થાઓના સંયુકત ઉપક્રમે આજે ૧૦૦૮ કાર અને બાઈકના કાફલા સાથે વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયુ છે. ગઈકાલે સાંજે ૪.30 વાગ્યે ચૌધરી હાઈસ્કુલ ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવેલ. અહીંથી ત્રિકોણબાગ, કોર્પોરેશન ચોક, મકકમ ચોક, ગોંડલ રોડ, આનંદ બંગલા ચોક, મવડી, બાલાજી હોલ, નાનામવા સર્કલ, મોકાજી સર્કલ થઈ સ્પીડવેલ ચોક ખાતે સમાપન થશે. એજ રીતે શ્રી બડા બજરંગ મિત્ર મંડળ દ્વારા પણ હનુમાનજી મહારાજની નગરયાત્રાનું આયોજન કરાયુ હતું.

## હત્યાના ગુનામાં પેરોલ જમ્પ કરી ફરાર આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર કાલાવડ તાલુકાના ખડધોરાજીનો એક શખસ પેરોલ પર જેલમાંથી મુકત થયા બાદ ફરાર થયો હતો જેને પોલીસે દબોચી લીધો હતો.રાજકોટના હત્યા પ્રકરણમાં પેરોલ જમ્પ કરી ફરાર આરોપીને જામનગર પોલીસે સકંજામાં લીધો હતો અને રાજકોટ જેલમાં મોકલી આપ્યો હતો જામનગર સીટી સી પોલીસ મથકમાં પાંચેક માસ પુર્વે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો એક ગુન્હો નોંધાયો હતો. જેમાં કુલજીતસિંહ વિજયસિંહ ચુડાસમા નામના શખ્સની સંડોવણી ખૂલી હતી. જે શખસ નાશી છુટયો હોવાનુ સામે આવ્યુ હતુ. આ આરોપી મહાકાળી સર્કલ પાસે આવ્યો હોવાની બાતમી સિટી સી પોલીસે ત્વરીત ધસી જઇ તેની અટકાયત કરી હતી.

જયારે કાલાવડના ખડ ધોરાજી ગામના ઈશાક સુલેમાન જોબણ ઉર્ફે ઘોઘા નામના શખ્સ સામે નોંધાયેલા હત્યાના એક ગુન્હામાં તેને અદાલતે સજા ફટકારી હતી.જે શખ્સ રાજકોટની જેલમાં સજા કાપી રહ્યો હતો. જ્યાંથી તેણે ફર્લો મેળવી હતી. ત્યારપછી ફરીથી જેલમાં હાજર ન થઈ નાસી ગયો હતો. જે શખસને કાલાવડ પોલીસે ખડધોરાજી ગામમાંથી પકડી પાડયો હતો.જયારે રાજકોટના ખત્રીવાડની મેમણ શેરીમાં રહેતા ફિરોઝ ઝીકરભાઈ માટલીયા નામના શખ્સ સામે પાંચ વર્ષ પહેલાં હત્યાનો એક ગુન્હો નોંધાયો હતો.જેની પોલીસે ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. આ શખ્સ પેરોલ પર મુક્ત થઈ પલાયન થઈ ગયો હતો.જેને સીટી બી પોલીસે બાતમીના આધારે સુભાષ બ્રિજ પાસેથી પકડી પાડયો હતો જેને રાજકોટ જેલ ખાતે ખસેડવા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજકોટમાંથી ક્ષત્રિય સમાજના ધર્મરથનું આશાપુરા મંદિરેથી પ્રસ્થાન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિવાદાસ્પદ નિવેદન બાદ રાજકોટ સહિત રાજ્યભરમાં વિરોધ ફાટી નીકળ્યો છે. ક્ષત્રિય સમાજની માગણી મુજબ ભાજપ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવામાં ન આવતાં ક્ષત્રિય સમાજ આંદોલન પાર્ટ–ટુ શરૂ કર્યું છે. એના ભાગરૂપે આજે રાજકોટના આશાપુરા માતાજીના મંદિરે આંદોલન સમિતિના આગેવાનો અમદાવાદથી અહીં આવ્યા હતા. તેમણે ક્ષત્રિય સમાજના નારી અસ્મિતાના ધર્મરથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ ધર્મરથ ૨૦૦ ગામડાં ફરશે. જોકે આ તકે રૂપાલાની ટિકિટ રદ કરવા માટે સૌપ્રથમ અન્નત્યાગ પર ઊતર્યાં હતાં એ પદ્મિનીબા વાળા દેખાયાં નહોતાં. ધર્મરથના પ્રસ્થાન સમયે નક્ષત્રિય એકતા ઝિંદાબાદથ, નનારી કા અપમાન નહીં સહેંગેથ, નજય ભવાનીથ સહિતના નારા લાગ્યા હતા. આ ધર્મરથ ૨૦૦થી વધુ ગામડાંમાં ફરશે અને ક્ષત્રિય સમાજ સહિત અઢારેય વરણના લોકોને સત્તાપક્ષ વિરુદ્ધ મતદાન કરવા માટે સમજણ આપવામાં આવશે. ગુજરાતના ૫ ઝોનમાં આ રીતે ધર્મરથ પ્રસ્થાન કરવાનો છે.

## ૪૦ કરોડની જમીનના બોગસ દસ્તાવેજો કરી આરોપી દ્વારા ૧૮ કરોડની ખંડણી માંગતા ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રોણકી ગામમાં આવેલી ૪૦ કરોડની જમીનના બોગસ દસ્તાવેજો તૈયાર કરી પચાવી પાડયા બાદ સમાધાનના રૂ.૧૮ કરોડની ખંડણી માંગવાના કેસમાં આરોપી શક્તિસિંહ જામભા જાડેજાની જામીન અરજી કોર્ટે મંજૂર કરી હતી. આ કેસની હકીકત મુજબ,જામનગર રોડ પર ભોમેશ્વરવાડીમાં રહેતા રમેશભાઈ બાબુભાઈ પરસાણાની રોણકી ગામે આવેલી રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી ૧ પૈકી ૧ની જમીનમાં કોઈએ કાવા દાવા કર્યા હોવાની શંકા જતા રમેશભાઈ પરસાણા અને તેના પુત્ર જ્વલંત પરસાણા દ્વારા સબ રજીસ્ટાર કચેરી ખાતે તપાસ કરાવતા જમીનના બોગસ દસ્તાવેજો તૈયાર કરી વેચાણ થયાનું જોવા મળેલ હતું. જે બોગસ નોંધ સામે રમેશભાઈ પરસાણાએ મામલતદાર સમક્ષ વાંધા રજુ કર્યા હતા તે દરમિયાન આરોપી યુવરાજસિંહ રઘુભા ચુડાસમા અને ગોપાલ ભુવાએ રમેશભાઈ પરસાણા અને તેના પુત્ર જવલંત પરસાણાને મામલતદાર ઓફિસની બહાર બોલાવી સમાધાન પેટે અડધી જમીન અથવા રૂ.૧૮ કરોડની ખંડણીની માંગણી કરી હોવાની રમેશભાઈ પરસાણાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં શક્તિસિંહ જામભા જાડેજાનું નામ ખુલ્યું હતું. શક્તિસિંહ જાડેજાએ રાજકોટ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ કોર્ટે આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીના બચાવ પક્ષે રાજકોટના એડવોકેટ સાહિસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર, નિમેશ જાદવ, દયાબેન કે. છાયાણી અને આસિસ્ટન્ટ અમાનખાન પઠાણ રોકાયા હતા.

## વિધવા પર દુષ્કર્મ કરનાર ભીસ્તીવાડનો નામચીન શખ્સ ઝડપાયો

### કુખ્યાત શખ્સ ગુજસીટોકના ગુનામાં છુટયા બાદ જ્ઞાતિ છુપાવી, લગ્નની લાલચ આપી વિધવાનો દેહ અભડાવ્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલા પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં જ નોંધાયેલા દુષ્કર્મના ગુનામાં વોન્ટેડ કુખ્યાત શખ્સને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લીધો છે વિધવાને જ્ઞાતિ છુપાવી લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાયા બાદ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. રાજકોટના જામનગર રોડ ઉપર રહેતા વિધવાએ થોડા દિવસો પૂર્વે મહિલા પોલીસ સ્ટેશનમાં



ભીસ્તીવાડના યાસીન ઉર્ફે ભૂરો ઓસમાણભાઈ કેયડા સામે દુષ્કર્મ અંગે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેણીએ જણાવ્યું હતું કે નવ વર્ષ પૂર્વે પતિનું અવસાન થયા બાદ આંઠેક વર્ષ પૂર્વે યાસીન સાથે પરિચય થયો હતો ત્યારે પોતે હિંદુ હોવાનું જણાવી પરિચય કેળવ્યો હતો અને બંને લીવ ઈન રીલેશનશીપથી સાથે રહેતા હતા આ દરમિયાન તેણે લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધી લીધો હતો

ગુજસીટોકનો ગુનો નોંધાતા ત્રણ વર્ષ તે જેલમાં ગયો હતો ચારેક માસથી છૂટી ઘરે આવી ફરી ત્રાસ આપતો હોય અને બળજબરીથી દુષ્કર્મ આચરી ધમકી દેત હોય ફરિયાદ નોંધાવી હતી દરમિયાન ડીસીબી પીઆઈ એમ આર ગોંડલીયા અને ટીમે જામનગર રોડ ઉપરથી બાતમી આધારે યાસીનને દબોચી લઇ મહિલાપોલીસને કબજો સોપ્યો છે યાસીન અગાઉ પાંચ ગુનામાં પકડાઈ ચુક્યો છે અને એક વખત પાસા તળે જેલયાત્રા પણ કરી ચુક્યો છે.

## યુવાનને ઢોર મારમારી મોતને ઘાટ ઉતારવાના ગુનામાં એએસઆઈ બે દિવસના રિમાન્ડ પર

### પોલીસમાં સરન્ડર થયા બાદ કોર્ટમાં રજુ કરાતા રિમાન્ડ મંજુર કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં પાડોશીના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન પોલીસ પાસે સમાધાન કરવા જતા પોલીસે ઢોર માર મારતા હત્યાની કોશિષનો ગુનો નોંધાયા બાદ સારવારમાં યુવકનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગે માલવિયાનગર પોલીસે એટ્રોસિટી, હત્યાની કલમનો ઉમેરો કરી શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન રાત્રે એએસઆઈ ક્રાઈમ બ્રાન્ચ સમય હાજર થતા અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપતા પોલીસ આજે સાંજે કોર્ટમાં રજુ કરાતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કરતો હુકમ કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના આંબેડકરનગરમાં રહેતા રાજુભાઈ સોલંકી અને તેનો પૂત્ર જયેશ ગત ૧૪ તારીખે રાત્રે ઝઘડો કરતા હોય અને પોલીસ બોલાવવામાં આવતા જયેશ મદદ માંગવા જતા હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ ઉ.૩૪ સમાધાન માટે ત્યાં ગયા હતા ત્યારે ફરજ પરના પોલીસમેનએ તેને ત્યાં મારકૂટ કરી પોલીસ વેનમાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ જઈ પાઈપથી ઢોર માર માર્યો હતો.

મોડી રાત્રે ઘરે લઈ ગયા બાદ બેભાન થઈ જતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડતા માલવિયાનગર અજાણ્યા સામે પત્નીની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધ્યો હતો દરમિયાન ૧૬ તારીખે સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો અને કડક કાર્યવાહીની માંગ સાથે મૃતદેહ સાથે પરિવારે હોસ્પિટલ ચોકમાં વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે હત્યા અને એટ્રોસિટીની કલમનો ઉમેરો કરી માર મારી હત્યા કરનાર એએસઆઈ અશ્વિનભાઈ જેઠાભાઈ કાનગડને પકડવા ત્રણ ટીમો દોડાવી હતી સમાહ પછી ગઈકાલે અશ્વિન કાનગડ ડીસીબી સમક્ષ રજૂ થતા પીઆઈ ગોંડલીયા સહિત અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપ્યો હતો.

માલવીયાનગર પોલીસે આરોપી એ એસ આઈ ને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે યુવકને માર મારી મોતને ઘાટ ઉતારનાર અર્જાઈ અશ્વિન કાનગડના બે દિવસના રિમાન્ડ મંજૂર છે. રિમાન્ડમાં આરોપી ફરાર થયા બાદ ક્યાં ક્યાં આશરો મેળવ્યો હતો અને ઘટના સમયે કોણ સાથે હતું એ સહિતના મુદ્દે પૂછપરછ કરાશે.

## ખાંભા ગામે યુવાનની હત્યા કરેલી લાશ મળી આવતા ચકચાર

### વાડીની ઓરડીમાંથી લોહીના ધાબા મળ્યા, મૃતકની ઓળખ મેળવવા પોલીસની કવાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ લોધિકા તાલુકાના ખાંભા ગામે ગઈકાલે સાંજે રોડ પરથી અજાણ્યા યુવકની લોહી ખરડાયેલ હાલતમાં લાશ પડી હોવાની પોલીસમાં જાહેરાત થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ તપાસ કરતાં શ્રમિક જેવા લાગતા યુવકની તિક્ષ્ણ હથિયારથી ગળુ કાપી હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવતાં પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા લાશને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ અર્થે રાજકોટ મેડીકલ કોલેજમાં મોકલી આપી મૃતક યુવકની ઓળખ મેળવવા અને આરોપીઓને ઝડપી લેવા તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગેની માહિતી મુજબ લોધિકા તાલુકાના ખાંભા ગામે રોડ પાસે અજાણ્યા યુવાનની લોહીથી ખરડાયેલ હાલતમાં લાશ પડી હોવાની જાહેરાત થતાં લોધિકા



પોલીસ સ્ટાફ અને એલસીબીનો કાફલો ઘટના સ્થળે દોડી જઈ તપાસ કરતાં 30 થી ૩૨ વર્ષના વયના અજાણ્યા યુવાનને ગળાના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે ઈજાના નિશાનો સ્પષ્ટ દેખાતાં હોય યુવકની હત્યા થયાનું જાણવા મળ્યું હતું. પોલીસે લાશનો કબજો મેળવી રાજકોટ મેડીકલ કોલેજમાં ફોરેન્સીક પોસ્ટ મોટર્મ અર્થે મોકલી આપ્યો છે અને ઘટના સ્થળે બારીકાઈથી તપાસ કરતાં નજીકમાં આવેલ વાડીની ઓરડીમાંથી પણ લોહીના ધાબા મળી આવ્યા હતાં. જેના પરથી આ યુવકની ઓરડીમાં જ ગળુકાપી હત્યા કર્યા બાદ લાશને રોડ પર ફેંકી દેવામાં આવી હોવાની શંકા વ્યકત કરવામાં આવી છે.

ખાંભા નજીક ઈન્ડસ્ટ્રીઝ આવેલી હોય બહારના રાજ્યમાંથી મજુરી કામ અર્થે અનેક શ્રમિકો અહિં જુદા જુદા કારખાનામાં મજુરી કામ કરતાં હોય તેમાંથી જ કોઈએ આ શ્રમિક યૂવકની હત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જ્યારે મૃતકની ઓળખ મેળવવા પોલીસે તેની વાલી વારસોની શોધખોળ હાથ ધરી છે.

આ ઉપરાંત આજુ બાજુના વિસ્તારમાં આવેલ કારખાનામાં અને વાડીમાં મજુરી કામ કરતાં મજુરોની પોલીસે અટકાયત કરી પુછપરછનો દૌર શરૂ કર્યો છે. આ બનાવની તપાસમાં લોધિકા પોલીસની સાથે એલસીબીનો સ્ટાફ પણ મદદમાં જોડાયો છે.

# કાયદાના રખેવાળોને કાયદાના પાઠ ભણાવતી ટ્રાફિક બ્રાંચ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના રાજમાર્ગો પર વાહન ચેકિંગ ડ્રાઈવ અવારનવાર રાખવામાં આવતી હોય અને વાહન ચાલકો દ્વારા પોલીસ પર આક્ષેપો કરવામાં આવતા હોય છે કે પોલીસના વાહનોમાં ફેન્સી નંબર પ્લેટ કે નંબર વગરના વાહનો પોલીસના જ હોય છે ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા આવા આક્ષેપો ને નકારવા ઘર આંગણે એટલે કે પોલીસ કમિશનર કચેરી ખાતે પાર્કિંગમાં પડેલા બિન વાર્ષિક વાહનો અને પોલીસના નંબર વગરના વાહનો તથા ફેન્સી નંબર પ્લેટ દ્વારા વાહનો ડીટેલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે આજે સવારે ડ્રોઈંગ વનમાં પોલીસના વાહનો ભરવામાં આવી રહ્યા હોય તે આ તસવીરમાં નજરે પડે છે

# મવડી હેડ ક્વાર્ટરમાં બિલ્ડીંગના દસમાં માળેથી છલાંગ લગાવી પોલીસમેનનો આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા મવડી હેડ ક્વાર્ટર માં આવેલા બિલ્ડીંગ ના દસમાં માળેથી પોલીસ મેને છલાંગ લગાવી આપઘાત કરી લેતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે બનાવના પગલે તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરની ભાગોળે રૂરલ પોલીસના હેડ ક્વાર્ટર મહુડી પોલીસ લાઈન માં આવેલ ૧૦ માળની બિલ્ડીંગ માં રહેતા અને પોલીસમાં ફરજ બજાવતા ભાર્ગવ બોરી સાગર એ બિલ્ડીંગના દસમાં મળે થી આજે સવારે છલાંગ લગાવી આપઘાત કરી લીધો હતો બનાવો અંગેની જાણ તાલુકા પોલીસ ને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતા પોલીસમેનના આપઘાતના સમાચાર વાયુ વેગે લઈ જતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે પોલીસમેન ભાર્ગવ બોરીસાગરે કયા કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# જામનગર રોડ પર સ્લમ કવાર્ટરમાં આઠ શખ્સોનો આતંકઃ મહિલાના ઘરમાં ઘુસી તોડફોડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલા સ્લમક્વાર્ટરમાં રહેતા મહિલાએ સમીર જુણેજા,મોસીન જુણેજા,રમીઝ વસીમભાઈ જુણેજા,આબિદ જુણેજા, શાહરુખ જુણેજા તથા અજાણ્યા આઠ શખ્સો સામે ઘરમાં તોડફોડ કરી રૂપિયા ૩૭,૦૦૦ ની ચોરી કરી નાસી છૂટ્યાની પ્રનગરમાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ સ્લમ કવાર્ટર માં રહેતા મેરૂનબેન ઓસમાણભાઈ કઈડાએરિયાદમાં જણાવ્યું હતું કે રાત્રિના મારા દીકરા આસીના મકાનમાં આરોપી સમીર જુણેજા તથા તોડફોડ કરી ગાળો બોલતા

હતા દરમિયાન મેં નીચે ઉતરી ઘરની બહાર જોતા સમીર તથા તેનો ભાઈ મોસીન જુણેજા, રજનીન જુણેજા ,શાહરુખ તેમજ બીજા જાણ્યા શખ્સોએ કાચની બોટલના ધા, તોડફોડ કરી હતી જેથી મેં આરીફના પત્નીને ફોન કરી ઘરે બોલાવતા અને તેને ઘરમાં તપાસ કરતા કબાટ વેર વિખરે હોય તેમજ લાકડાનો કબાટ તોડી તેમાં રહેલા ૧૭ હજાર રોકડ તથા અડધા તોલાના સોનાનો ચેનનકંમત ૨૦,૦૦૦ મળીરૂપિયા ૩૭,૦૦૦ ની ચોરી કરી નાસી છૂટીયા ની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

# રાજકોટના કરણપરામાં પ્રૌઢા અને આંબેડકરનગરમાં યુવાનનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દિગ્વિજય રોડ પર આવેલા કરણપરામાં રહેતી ગૃહક્લેશથી કંટાળી પ્રૌઢાએ ફીનાઈલ પી લેતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ દિગ્વિજય રોડ ઉપર આવેલા કરણપરામાં રહેતા ભારતીબેન વિનોદભાઈ રાણપરા નામના ૪૪ વર્ષના પ્રૌઢાએ રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં ગૃહ કલેશથી કંટાળી ફીનાઈલ પી લીધું હતું. ભારતીબેન પરસાણાની તબિયત લથડતા તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.પ્રાથમિક પૂછપરછમાં ભારતીબેનના ત્રણ મહિના પૂર્વે બીજા લગ્ન થયા હતા અને ગૃહ કલેશથી કંટાળી ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવવામાં ગોંડલ રોડ ઉપર એસટી વર્કશોપ પાછળ આવેલા આંબેડકરનગરમાં રહેતા મિતેશ મગનભાઈ પરમાર નામનો ૩૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રિના નવેક વાગ્યાના અરસામાં ફિનાઈલ પી લીધું હતું. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સાળાના લગ્ન હોવાથી પૂત્ની લગ્ન પ્રસંગમાં ગઈ હતી અને નિમેશ પરમાર લગ્નમાં ગયેલી પત્નીને તેડવા ગયો હતો પરંતુ પત્ની પરત નહીં આવતા તેને ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.ઉપરોક્ત બંને બનાવમાં પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જીરુ અને ચણાની ખરીદી કરી વેપારીને રૂપિયા ૧૭.૬૬ લાખનો ચુનો લગાવનાર આરોપી ઝડપાયો

## વિદેશી દારૂના ગુનામાં છ મહિનાથી નાસતા ફરતા બુટલેગરની પોલીસે કરી ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા વિસ્તારમાં આવેલ પેઢીના વેપારીને રૂપિયા ૧૭.૬૬ લાખનો જીરું અને ચણાનો જથ્થો મંગાવી રકમ નહીં આપી ચાઉ કરી જનાર આરોપીને ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ લોકસભાની ચૂંટણી પૂર્વે નાસ્તા ફરતા આરોપીઓને શોધવા અંગેની પોલીસ દ્વારા ડ્રાઇવ રાખવામાં આવી હોય જેના પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઇ એમ આર ગોંડલીયાની સૂચનાથી પીએસઆઇ ડીસી સાકરીયા અને તેની ટીમના માણસોએ અગાઉ કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વેપારી પાસેથી રૂપિયા ૧૭.૬૬ લાખના જીરા અને ચણાની ખરીદી કરી વેપારીને





રકમ નહીં ચૂકવી છેતરપિંડી કરવાના ગુનામાં નાસ્તો કરતો અને મોરબી પીપરી રોડ પર વનરાજ ભાઈના કારખાને રહેતો મૂળ વતન રૂપપુર ગામ જીલ્લો પાટણ નો કનુ ડાયા પટેલ નામ ના શખ્સને દબોચી લઈ કબ્જો કુવાડવા પોલીસને સોપવા તજવીજ હાથ ધરવામાં આવી છે જ્યારે અન્ય એક બનાવમાં કુવાડવા રોડ પોલીસના વિદેશી દારૂના ગુનામાં છેલ્લા છ મહિનાથી નાસ્તો કરતો બુટલેગર વિજય ગીરી જગદીશ ગીરી ગોસાઈ રહે કચ્છના માખેલ ગામ ના શખ્સને ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને દબોચી લઈ કુવાડવા પોલીસના હવાલે કર્યો છે.

# સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરિયા અને લોધેશ્વર સોસાયટીમાં બે યુવાનોએ ઝેરી દવા ગટગટાવી

## વિવેકાનંદનગરના યુવાને આર્થિક ભીંસથી કંટાળી અને લોધેશ્વર સોસાયટીના યુવાને પત્ની સાથે ઝઘડો થતા પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારીયા રોડ ઉપર આવેલા વિવેકાનંદ શેરી નં.૫ માં રહેતા યુવાને આર્થિકભીંસથી કંટાળી સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ત્રિશુલ ચોક પીપળીયા હોલ પાસે ઝેરી દવા પી લીધી હતી. યુવાનને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા રોડ ઉપર વિવેકાનંદ શેરી નં.૫માં રહેતા પ્રફુલ અરવિંદભાઈ પીઠવા નામનો ૩૯ વર્ષનો યુવાન સાંજના સાડા ચારેક વાગ્યાના અરસામાં સોમનાથ ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલા ત્રિશુલ ચોક પીપળીયા હોલ પાસે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં પ્રફુલભાઈ ફેબ્રિકેશનનું કામ કરે છે અને તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે પ્રફુલભાઈએ આર્થિકભીં સના કારણે ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં ગોંડલ રોડ ઉપર આવેલી લોધેશ્વર સોસાયટીમાં રહેતા રોહિત સુરેશભાઈ ગતિયા નામનો ૩૦ વર્ષનો યુવાન રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે પત્ની વૈશાલીબેન સાથે નજીવા પ્રશ્ને ઝઘડો થતા રોહિત ગતિયાએ ઝેરી દવા પી લીધી હતી. યુવકની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં રોહિત ગતિયા બે ભાઈમાં નાનો અને તેને સંતાનમાં એક પુત્રી છે. રોહિત ગતિયા સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપર પ્યુન તરીકે નોકરી કરે છે અને પત્ની સાથે ઝઘડો થતા ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સમાજના આગેવાને ધર્માધિકારીની ભૂમિકા નિભાવવાના બદલે લાગતા વળગતાઓને આગળ કરી મુખ્ય દાતાઓને નીચા દેખાડવા કરેલા પ્રયાસોના પ્રકરણમાં નવો વણાંક

# ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિના પ્રમુખ, સેક્રેટરી સામે મુખ્ય દાતાએ ૫ કરોડનો માનહાનીનો દાવો કરતા ખળભળાટ

## વિમલભાઈ ચાવડા ધ્વારા જ્ઞાતીના આગેવાનો વિરૂધ્ધ રાજકોટ શહેર પોલીસ રૂબરૂ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦ મુજબ વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેની ફોજદારી ફરીયાદ પણ આપવામાં આવેલ છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિ, રાજકોટ (સહયોય વાડી, ૧૫/૬, ભક્તિગર સોસાયટી, ધર્મજીવનદાસજી માર્ગ, ઢેબરરોડ, રાજકોટ) ના ટ્રસ્ટી, પુમખ સહિતના હોદ્દેદારો તરીકે કાર્યરત આગેવાનો દ્વારા જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં તેમજ નાણાંકિય વહિવટમાં મનસ્વી રીતે ચલાવતા હોવા અંગે જ્ઞાતિના સભ્ય અને અગ્રણી દાતા વિમલભાઇ દિલીપભાઇ ચાવડાએ સણસણતો આક્ષેપ કર્યો છે. તેમણે આ મામલે સમાજના હોદ્દેદારોનું ધ્યાન દોર્યું હતું. તેમજ આ મામલે લીટીગેશન થયા હતા ત્યારે જ્ઞાતિના હોદ્દેદારો દ્વારા કોર્ટમાં જે પ્રકારનું અંડરટેઇકીંગ આપવામાં આવ્યું હતું, એ મુજબનું પાલન થયું નથી. આથી જ્ઞાતિના જાગૃત સભાસદ, સભ્ય દરજ્જે વિમલભાઇ ચાવડાએ ધ્યાન દોરી અંડરટેઇકીંગ મુજબનું પાલન કરવા વિનંતી કરી હતી. પરંતુ અમુક હોદ્દેદારોએ પોતાની રીતે મનઘડંત વાણી, વર્તન, વ્યવહાર કરતા જ્ઞાતિના જવાબદાર હોદ્દેદાર તથા સભ્ય ધર્મેન્દ્રભાઇ પરમાર (સભ્ય) અને ભરતભાઇ દુદકીયા (પ્રોજેક્ટ ચેરમેન) વિરૂધ્ધ રાજકોટ સિવિલ કોર્ટમાં રે.દિ.કે.નં. ૩૭૪/૨૦૨૩ થી વિજ્ઞાપ થતા કાયમી મનાઇ હુકમ મેળવવાનો દાવો દાખલ કર્યો હતો. આ દાવા અંગેની નોટિસ સમન્સ જ્ઞાતિના જવાબદાર હોદ્દેદારો અને સભ્યોને બજી જતાં તેઓએ અંડરટેઇકીંગ મુજબ વર્તવાના બદલે સમગ્ર સમાજમાં બદનામી થાય તેવા પ્રયત્નોકર્યા હતા. આથી પોતે (વિમલભાઇ ચાવડા) જ્ઞાતિના હોદ્દેદારોને સત્ય વિગતોથી માહિતગાર કર્યા હોવા છતાં વિમલભાઇ ચાવડાની સમાજમાં બદનક્ષી થાય તેવા સમાચારો હોદ્દેદારો તથા જવાબદાર વ્યક્તિ તથા સભાસદો દ્વારા પ્રસિધ્ધ કરી- કરાવ્યા હોવાથી જ્ઞાતિના સભ્ય, અગ્રણી દાતા વિમલભાઇ દિલીપભાઇ ચાવડાએ જ્ઞાતિના પ્રમુખ પરેશભાઇ ચાવડા અને સેક્રેટરી ગૌરવભાઇ ચાવડા વિરૂધ્ધ રૂપિયા પાંચ કરોડનો માનહાનીનો દાવો દાખલ કરેલ છે તેમજ જ્ઞાતીના હોદેદારો ધ્વારા સમાજના મુખ્ય દાતા સાથે અગાઉ નામદાર અદાલતમાં દાવાના કામમાં કરવામાં આવેલ સમાધાન કરારનું પાલન ન કરતા મુખ્ય દાતાશ્રી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરેલ હોય આથી ફરીયાદી ધ્વારા જ્ઞાતીના આગેવાનો વિરૂધ્ધ રાજકોટ શહેર પોલીસ રૂબરૂ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦ મુજબ વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેની ફોજદારી ફરીયાદ પણ આપવામાં આવેલ છે. તેથી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતીમાં ખળભળાટ મચી ગયો છે.

સામાવાળાઓ દ્વારા અમો સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી અમો સાથે રાગદ્વેશરાખવાના એકમાત્ર ઇરાદે ઉપરોક્ત સમારોહની પત્રિકામાં અમો કરતાં ઓછું અનુદાન આપનાર વ્યક્તિનું નામ અમો મુખ્ય દાતા કરતા પહેલાં લખવામાં આવ્યું હતું. આમ અમારા(વિમલભાઇ ચાવડા) દ્વારા જ્ઞાતિના ઉત્કર્ષ માટે સામાજીક કાર્યક્રમો માટે સૌથી વધુ રકમનું દાન આપવામાં આવતું હોવા છતાં અમોને સતત નીચા દેખાડવાનો હિન પ્રયાસ કરવામાં આવે છે. મુખ્ય દાતાના વિરૂધ્ધના લખાણવાળી પત્રિકા જ્ઞાતિના સભ્યોને પોસ્ટથી મોકલી દાતા વિમલભાઇ ચાવડાઆએ જ્ઞાતિના હોદ્દેદારો, આગેવાનો વિરૂધ્ધ વિશેષમાં કરેલા આક્ષેપ મુજબ, સદરહુ કાર્યક્રમ સામે મૌખિક વિરોધ કરાતા આ કામના (દાવામાં જણાવેલા) આરોપીઓ દ્વારા અમોને (દાતા વિમલભાઇ ચાવડાને) બદનામ કરવા અમો વિરૂધ્ધના લખાણવાળી પત્રિકા પ્રસિધ્ધ કરાવી હતી. તેમજ અમોને બદનામ કરવાના મલિન ઇરાદે આવી પત્રિકાઓ જ્ઞાતિના અન્ય સભ્યોને પોસ્ટ મારફત મોકલી સમાજમાં નીચ દેખાડવાનું હિન કાર્ય કર્યાનો આક્ષેપ પણ કર્યો છે.

આ કામમાં વિમલભાઇ ચાવડા વતી એડવોકેટ તરીકે ભગીરથસિંહ ડોડીયા તથા દીવાની દાવામાં પરેશ મારૂ રોકાયેલ છે.

# બે મહિના પહેલાં કરેલી અરજીની ફરિયાદ નહિ લેવાતા યુવાને પોલીસ કમિશનર કચેરીએ ફીનાઈલ ગટગટાવ્યું

## બેંકમાં બારોબાર ખાતા ખોલાવી બ્લેક મેઈલીંગ કરી દુબઈમાં લાખોના હવાલા પાડવાના યુવાને કેટલાંક શખ્સો વિરૂધ્ધ કર્યા આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ઈન્ડસાઈન્ડ અને એચડીએફસી બેંકમાં બારોબાર ખાતાઓ ખોલી બ્લેક મેઈલીંગ દ્વારા બેંક ખાતાઓમાંથી લાખો રૂપિયા દુબઈ મોકલવાના સનસનીખેજ રેકેટના આક્ષેપો સાથે પોલીસમાં બે મહિના પહેલા અરજી કરનાર યુવાને પોલીસ કમિશનર કચેરીમાં ફિનાઈલ પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે ત્યારે આ યુવાને પોલીસમાં કરેલી અરજીમાં હવાલા રેકેટ અને જે બ્લેક મેઈલીંગ સહિતના અનેક ગંભીર આક્ષેપો કરતાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.



આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ ઉપર ન્યુ જકાતનાકાની સામે આવેલ જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતા વાળદ કામ કરતાં અમીત કાંતિલાલ હિરાણી નામના યુવાને પોલીસ કમિશનર કચેરીએ રજૂઆત કરવા ગયેલ તે દરમિયાન પોલીસ કમિશનરને મળવા નહીં દેવાતા ફિનાઈલ પી લીધી હતી. જેના કારણે તેને તાબડતોબ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ યુવાને પોતે ગત તા.૧૨-૨-૨૦૨૪ના રોજ આપેલી અરજી અંગે પોલીસ તપાસ કરતી નહીં હોવાનો આક્ષેપ કરી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ યુવકે અરજીમાં મોરબી રોડ પર બજરંગ પાર્ક શેરી નં.૫માં રહેતા રાજન મનુભાઈ પટેલ, અંકીત મનુભાઈ પટેલ, રણજીતગઢ ગામે રહેતા ગૌતમ ડાયા સાકરીયા, મોરબી રોડ જકાતનાકા સામે શિવમ પાર્કમાં રહેતા નિરવ વિનોદ મુંગરા, આણંદપર નવાગામ ખાતે રહેતા અંકીત પ્રવિણભાઈ સોલંકી તથા પાક્ષીક રોડ જીમખાના રોડ પર આવેલ ઈન્ડસઈન્ડ ભેંકના અધિકારીઓ વિરૂધ્ધ અરજી આપી હતી. આ અરજીમાં પોતાના પરિવારના નામે રાજકોટ માર્કેટ યાર્ડની ઓફિસમાં ઈન્ડસાઈન્ડ બેંકના અધિકારીઓ પાસે લઈ જઈ ખાતા દીઠ મહિને રૂા.૫૦૦૦ આપવાની લાલચ આપી કુલ ચાર પરિવારજનોના નામે કુલ ૬ ખાતાઓ ખોલાવી નાખ્યા હતા અને તેમાંથી રૂા.૧૬ થી ૧૭ લાખ એમીરેટસ બેંક દુબઈમાં નાણા બારોબર મોકલી આપ્યાનો આક્ષેષ કરેલ છે. સાથો સાથ એવું પણ જણાવેલ છે કે આરોપીઓએ તેના પરિવારજનોના ૪ પરિવારના છ સભ્યોના ખાતા નામના ચેક બાઉન્સ કરાવી હરિયાદ કરવાની ધમકી આપી તેમને બ્લેક મેઈલ પણ કરવામાં આવતાં હતાં. આ અંગે હરિયાદની અરજીમાં જણાવ્યું છે કે તેના પરિવારના નામે ખોલાવેલ બેંક ખાતામાં મોભાઈલ નંબર લીંક કરાયા હતાં તે પણ આરોપીઓએ પોતાની પાસે રાખેલ હતાં. આ અંગે ફરિયાદીને તેના ઈમેઈલ આઈ- ડી પર અહાગ અક્ષગ ઈ-મેઈલ આવતાં જેમાં દુભાઈ ટ્રાન્ઝેક્શન કરેલ હોય તેવું જણાતા બેંકનો સંપર્ક સાધ્યો હતો. બેંક પાસેથી જાણવા મળ્યું હતું કે આ બધા ખાતામાં મસમોટી રકમના ટ્રાન્ઝેક્શન થયા છે.

# જ્યુબેલી ચોકમાં મોડીરાત્રે લુખ્ખાઓનો આતંકઃ ખાણીપીણીના ધંધાર્થી પર હીચકારો હુમલો

## લુખ્ખાઓએ દુકાનો બંધ કરાવી રાહદારી પર હુમલો કરી વાહનોમાં તોડફોડ કરી નાસી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જ્યુબિલી ચોક પાસે પરા બજારમાં મધરાત્રે લુખ્ખા તત્વોએ આતંક મચાવ્યો હતો અને ભેળના ધંધાર્થી ઉપર લોખંડના સળિયા વડે હુમલો કરી ભેળની રેકડીમાં તોડફોડ કરી હતી અને ખાણીપીણીની દુકાનો બંધ કરાવી હતી. તે દરમિયાન લુખ્ખા તત્વોએ ખરીદી કરવા આવેલા કારચાલક ઉપર છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા ખાણીપીણીના ધંધાર્થી અને કાર ચાલકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા રાજકોટમાં મધરાત્રે લુખ્ખા તત્વોએ ધમાલ મચાવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ઢેબર રોડ ઉપર રહેતા વિમલભાઈ નાનાલાલ ભગદેવ નામના ૪૬ વર્ષના પ્રૌઢ રાત્રીના સાડા અગીયારેક વાગ્યાના અરસામાં જુબેલી ચોક પાસે પોતાની જલારામ ભેળ આશિષ સહિતના શખ્સો ઘસી આવ્યા હતા અને વિમલભાઈ ભગદેવ સાથે ઝઘડો કરી લોખંડના સળિયા વડે ખાણીપીણીની લારીમાં તોડફોડ કરી હતી તે દરમિયાન વચ્ચે પડેલા પાણી પીણીના ધંધાર્થી વિમલભાઈ ભગદેવને લુખ્ખા શખ્સોએ હાથમાં લોખંડનો સળીયો મારી દીધો હતો. વિમલભાઈ ભગદેવને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. લુખ્ખા તત્વોએ આતંક મચાવી આજુબાજુમાં રહેલ ખાણીપીણીની દુકાનો બંધ કરાવી હતી અને લુખ્ખા તત્વોએ ધમાલમાં ચલાવતા ખાણીપાણીના ધંધાર્થીઓ ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક દુકાનોના શટર પાડી દીધા હતા. લુખ્ખાઓના આતંક વચ્ચે જામનગર રોડ ઉપર આવેલા સ્લમ ક્વાર્ટરમાં રહેતા પ્રશાંત ઠાકોરભાઈ વાળા નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના પિતરાઈ ભાઈ સહિત ચાર વ્યક્તિ સાથે કાર લઈને પરા બજારમાં કેરી લેવા માટે આવ્યો હતો. અને જે ધમાલ મચતા તે પણ ઘરે જવા રવાના થયો હતો તે દરમિયાન બાઈક સાઈડમાં લેવાનું કહેતા લુખ્ખા તત્વોએ પ્રશાંત વાળા ઉપર પણ છરી વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા પ્રશાંત વાળાને પણ તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. લુખ્ખા તત્વોએ મધરા પરા બજારમાં ખાણીપીણીની દુકાનો બંધ કરાવી ધમાલ મચાવતા સન્નાટો મચી ગયો હતો. આ ઘટના અંગે જાણ થતા તાત્કાલિક એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પરંતુ પોલીસ ઘટના સ્થળે પહોંચે તે પૂર્વે લુખ્ખા તત્વો પલાયન થઈ ગયા હતા.